# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ

### પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી. (૩) આ નોંધ પ્રશ્ન : ૧ થી પ્રશ્ન ૪ માં સરખી જ લાગુ પડશે.

(વિભાગ - ૧ : 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ', ચતુર્થ આવૃત્તિ, ઓગસ્ટ, ૨૦૦૭ના આધારે)

પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ નોંધ :- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.

**૧. આદર્શ ગુરુ પ્રમુખસ્વામી મહારાજ**

૧. સંતસ્વામીની માંદગી - બાલમુકુન્દસ્વામીના કીડનીમાંની પથરીના ઓપરેશન સમયે - ચતુર્ભુજ સ્વામી માટે બે ગામડાં વધારે ફરવાની તૈયારી. ૩૪

૨. યોગમુનિ સ્વામીને પગે પાક - ડૉ. સ્વામી અને નરેન્દ્રપ્રસાદ સ્વામીને આસન આપ્યું - સર્વમંગલ સ્વામીને ગાતરિયું - નારાયણમુનિ અને તેમની જોડમાં ગયેલા સંતનું ભોજન ઢંકાવી રાખ્યું. ૩૫

૩. નિર્ભયસ્વરૂપ સ્વામીને સુવાડયા - સંતોની ભૂલો માફ. ૩૬

૪. કલાને બિરદાવે - ખામી હોય તો પ્રેમથી ટકોર કરે. ૩૭

૫. મણિભાઈને માથે હાથ - ડાહ્યાભાઈ ગજ્જરને ત્યાં સંતો મોકલ્યા - નારાયણભાઈના ખબર પૂછ્યા - નાનજી આતાને પગે લાગ્યા. ૫૧

૬. શિવાભાઈને મળવા સ્ટેજ પર બેસી ગયા - બિમાર હરિભક્તોને મળવા દોડી જાય. ૫૨

૭. સોમાભાઈના નોકરને મળવા ગયા. ૫૨

૮. રાજેન્દ્રને દર્શન દાન દેવા ગયા. ૫૩

૯. દોલતભાઈને મળવા હૉસ્પિટલમાં - યોગીન દવેનું રિઝર્વેશન. ૫૬

૧૦. નારણભાઈની મોળી ચામાં ખાંડ નાખી. ૫૭

૧૧. દરેકને રુચિ પ્રમાણે શું અનુકૂળ છે તેની વ્યવસ્થા કરાવે. તપોધન ભગત અને આરુણી ભગતને આશ્વાસન પત્ર. ૫૮થી૫૯

૧૨. યાત્રાએ નીકળેલ ભક્તોને પોતાનો નાસ્તો, સ્ટ્રીજરની સંભાળ રાખવાનો આદેશ - હોમિયોપેથી ડૉ.યુવક માટે ભલામણ - ત્રિગુણભાઈને પત્ર. ૬૧થી૬૩

૧૩. ગજા પ્રમાણે આર્થિક સેવા કરવાની ભલામણ - સાબરકાંઠામાં નગરયાત્રામાં સામેલ - ભરવાડણ માટે ઠાકોરજીને મોકલ્યા - નવી ઘંટીમાં બાજરો દળી આપ્યો - ભાણું ઠેલીને પધરામણી - દાદરા પર બેસીને હરિભક્તના પ્રશ્નોનું નિવારણ - નાના બાળકની માફી - ઝેર આપનારને માફી - ઉદારતા. ૬૪થી૬૭

૧૪. હરિભક્તોને રાજી રાખવા વિચરણ, પધરામણી, નાદુરસ્ત તબિયત, હાર્ટએટેક છતાં પધરામણી, વિચરણ ચાલું, જામનગર, સાબરકાંઠા, ગજેરા, પીપલગ, કડીના રામભાઈના માસીને ત્યાં પધરામણી - બામણગામમાં ટેકરે ટેકરે પચાસેક પધરામણી - બદલપુરમાં છાપરે છાપરે કેટલુંય ચાલીને જાય. ૬૯થી૭૪
૧૫. આદર્શ ગુરુ - કરુણામૂર્તિ - દુષ્કાળ વખતે રાહત - કેટલ કેમ્પ. ૮૮થી૯૮
૧૬. ભૂકંપ - મરાઠાવાડમાં રાહત કાર્યો. ૧૦૦થી૧૦૮
૧૭. પત્રથી માર્ગદર્શન, આશ્વાસન, મૂંઝવણોનો ઉકેલ, પત્રોના જવાબો માટે સમયનું આયોજન, પત્રવાંચનમાં મશગૂલ, પત્રલેખનમાં કરકસર, રૂબરૂ પહોંચવાની ખાસ અભિરૂચિ - પત્ર વાંચવા-લખવામાં ઉત્સાહી. ૧૨૧થી૧૨૪
૧૮. બાળકની સાથે બાળક જેવા બની જાય. એક બાળકને ચોકઠું બતાવવું, ઑપરેશનનો કાપો બતાવ્યો, બાળકને ટ્રેન ઉપડવાની તૈયારી છતાં સહી કરી આપી - નાના બાળકના ઘેર પધરામણી - ઈચ્છા પૂરી કરી - તિલક-ચાંદલાનો પ્રસંગ. ૧૨૫-૧૨૬
૧૯. નાપાસ બાળકને આશ્વાસન પત્ર - બાળક માટે આસન નીચું રાખવાની સૂચના - છાત્રાલયના બાળકોને સારું દૂધ, સારો નાસ્તો આપવાની ભલામણ. ૧૨૭
૨૦. મોરબી પૂર હોનારતમાં રાહતકાર્ય ૧૩૪-૧૩૫
૨૧. અન્ય સામાજિક, રાજકીય આપત્તિમાં કાર્યરત - અવળા માર્ગે જનાર યુવકને સાચી દિશા - મોટા ઝઘડાઓનું સમાધાન. ૧૩૬-૧૩૮
૨૨. ખારા જીવને મીઠા કર્યા - રામસંગ બાપુ - રિશુભા - ભગવાનને માર્ગે ચઢાવ્યા - વ્યસનમુક્તિ માટે કટિબદ્ધ. ૧૭૪
૨૩. ઓદરકા કુકડ સમાધાન. ૧૭૫

**૨. બાળસ્નેહી સ્વામીશ્રી**

૧. બાળકો માટે ખૂબ જ ભાવ અને પ્રેમ. ૧૨૫
૨. શ્વેતાશુંને તિલક-ચાંદલો કરી આપ્યો અને અરીસો ધર્યો - બાળક રાજી, સાથે પોતે પણ હસી પડ્યા. ૧૨૫
૩. બાળકો ખૂબ જ પ્રિય. તેથી તેમનામાં રસ લે. બાળકોની દરેક પ્રવૃત્તિમાં ખૂબ જ આત્મીયતાથી જોડાય. ૧૨૫
૪. કાલાઘેલા, ગાંડાઘેલા પ્રશ્નો પૂછાય, ઉચ્ચારો બાળકોના કાલાઘેલા ન સમજાય છતાં નિરાશ ન કરે. ૧૨૫
૫. કોઈ બાળક ચોકઠું જોવા માંગે, કોઈ ઑપરેશન કરાવેલ કાપો જોવા માંગે તો સહજતાથી બતાવે. ૧૨૫-૧૨૬
૬. ભાવનગરમાં વીસ હજાર ભક્તોની મેદની - મોડું થયું હતું છતાં આશીર્વાદ લખી આપવાની બાળકની ઈચ્છા પૂર્ણ કરી. ૧૨૬
૭. બેંગ્લોર સ્ટેશને ઉપડતી ટ્રેનના સમયે બાળકને સહી કરી આપી. ૧૨૬
૮. બાળકનું મન સાચવી લેવાની કાળજી - રીક્ષામાં પધરામણીએ જતી વખતે બાળકના ઘેર પધારી તેની ઈચ્છા પૂરી કરી હતી. ૧૨૬
૯. સ્વામીશ્રી પોતાનું આસન ઊંચું હોય તો બાળક માટે પોતાનું આસન નીચું કરાવે. ૧૨૭
૧૦. નાપાસ થનાર દીપક નામના બાળકને કાગળ લખીને આશ્વાસન આપ્યું. ૧૨૭
૧૧. ઉકાઈમાં સંસ્થા તરફથી ચાલતા છાત્રાલયમાં બાળકોના સ્વાસ્થ્ય માટે રાખેલ. પલંગ, પાથરણાં, તેમને અપાતો ખોરાક, દૂધ બધા માટે ભલામણ કરે, ઓઢવા માટે ધાબળા. ૧૨૭-૧૨૮
૧૨. સ્વામીશ્રીનું નિર્વ્યાજ વાત્સલ્ય બાળકો પર વરસતું જ રહે જ. ૧૨૮
૧૩. સ્વામીશ્રી દ્વારા ઘડતર પામેલ બાળકો દ્વારા ઘરના વડીલોને સત્સંગ, વર્તનમાં પરિવર્તન - બાળકોનું અણિશુદ્ધ વર્તનથી વડીલો પ્રભાવિત. ૧૨૮થી૧૩૦

**૩. વ્યસનીઓના જીવન ઉદ્ધારક**

૧. પધરામણીમાં પણ વ્યસનો છોડાવે. ૭૧
૨. વ્યસનમુક્તિ માટે જુસ્સાભરી ઝુંબેશ. ૧૪૩
૩. બિમારી, અશક્તિ, ઊભા રહેવાની શક્તિ ન હોય બોલતા હાંફ ચડે છતાં દારૂનું વ્યસન મૂકાવવા લાગણીપૂર્વકનો આગ્રહ. ૧૪૩-૧૪૪
૪. કુદરતી હાજત રોકીને, પોતાનો કાર્યક્રમ વિલંબમાં મૂકીને પણ વ્યસન છોડાવવાની તત્પરતા. ૧૪૪
૫. ઉત્સવો, સમૈયામાં ખાસ વ્યસનમુક્તિનો આગ્રહ રાખે - કેટલકેમ્પમાં પણ વ્યસન - મુક્તિ માટે આગ્રહ - રીઢા થઈ ગયેલ એક ભાવિકને બીડી છોડાવવાનો આગ્રહ. ૧૪૪

૬. વ્યસનને ઝેર સમાન ગણાવી પ્રેમથી મૂકાવે. ૧૪૫-૧૪૬
૭. વ્યસન મૂકાઈ જાય પછી પત્ર લખવાની ભલામણ કરે - ખૂબ જ સમજાવટ, ધીરજથી વ્યસન મૂકવા માટે સમજાવે. ૧૪૬-૧૪૭
૮. સ્વામી 'ભાઈ અમે એની દુકાન ખોલી છે. જડીબુટ્ટી સાથે લઈને ફરીએ છીએ.' સ્વામીશ્રી વ્યસન છોડાવવાની જડીબુટ્ટી રાખે છે. ૧૭૩
૯. અમદાવાદના હેરોઈનની લતે ચઢેલ યુવાનને સન્માર્ગેવાળવા સંભાળ. ૧૭૪-૧૭૫

**પ્ર.૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે ઓછામાં ઓછા પાંચ પ્રસંગો હોવા જરૂરી છે.**

**૧. હળવા તે પારેવાની પાંખ જેવા**
૧. નૈરોબી એરપોર્ટ પરથી જ પરત આવ્યા છતાં હળવાફૂલ. ૧૧૬
૨. હળવાશ એટલે બાળસહજ તરલતા - બ્રહ્મવિહારી સ્વામીએ પાંચમાં પ્રકરણની સ્વામીની વાત વાંચી તેના જવાબમાં સ્વામીશ્રીનો જવાબ ગમે ત્યારે ગમે તે ગમ્મત કરીએ, વાંધો ન આવે. ૧૧૬-૧૧૭
૩. ત્યાગાશ્રમમાં રહેલા સંતોને સાહજિક અને નિર્દોષ આનંદ આપી હળવા ફૂલ બનાવી મૂકવાની સ્વામીશ્રીની નિર્દોષતા. ૧૧૭
૪. મુંબઈમાં સ્વામીશ્રી ગાડીના ડબ્બા બનીને ઉભેલ સંતોની આગળ એન્જિનના સ્થાને ગોઠવાઈ ગયા - કૃષ્ણપ્રિયદાસ સ્વામીને સૂચન કર્યું 'તમે છેલ્લે ગાર્ડનો ડબ્બો. ગાર્ડ તમારા જેવા જાડિયા હોય.' ૧૧૭
૫. સ્વામીશ્રીને વૉકીંગ કરતા રોકવા માટે બ્રહ્મપ્રકાશ સ્વામી ચાલવાના માર્ગ પર બેસી ગયા - સ્વામીશ્રી તેમને માથે હાથ દઈ ઠેકીને જતા રહ્યા. ૧૧૮-૧૧૯
૬. સ્વામીશ્રી પ્રવચનોમાં, કથાવાર્તામાં પણ હળવી અને બોધદાયી વાર્તાઓનું નિરૂપણ કરે છે. ૧૧૯

**૨. અંત સમયના બેલી**
૧. સોમાભાઈના નોકરને મળવા ગયા. ૫૨
૨. કલકત્તાના રાજેન્દ્ર અજમેરાની અંતિમ વિધિમાં જોડાઈ બોલ્યા. 'અમારો ને એનો આત્મા એક થઈ ગયો.' ૫૫
૩. મુંબઈના દોલતભાઈની માંદગી સમયે ગોંડલથી પ્લેન દ્વારા મુંબઈ પહોંચી તેઓને અંતકાળે દર્શન દીધાં. ૫૬
૪. 'ભૂતનાથ' પાડાના મરણના સમાચાર સાંભળી તપોધન ભગત અને આરુણી ભગતને લખેલો આશ્વાસન પત્ર. ૫૮
૫. મુંબઈમાં છેલ્લા શ્વાસ લેતાં ત્રિગુણભાઈ ભટ્ટને મળી ન શકાયું તો પત્ર લખ્યો અને માફી માંગી. ૬૩
૬. મણિભાઈ સલાડવાળાને કાંધ આપવા, અગ્નિસંસ્કાર માટે મુશ્કેલીઓ વેઠીને પણ પહોંચી ગયા. ૬૯
૭. પાલિતાણા મંદિરમાં સેવા કરતા જીકૂબાના અંત સમયે દિવ્ય સ્વરૂપે હાજર રહ્યા. ૭૯
૮. મોજીદડના રામભાઈને કેન્સર - અંતિમ ઇચ્છા સ્વામીશ્રીનાં દર્શન કરવાની - સ્વામીશ્રી દર્શન દેવા પહોંચી ગયા. દસમા દિવસે ધામમાં ગયા. ૧૬૭
૯. જીટોડિયાના ઈશ્વરભાઈને દર્શન દેવા પધાર્યા. ૧૬૮
૧૦. મુંબઈના સુરેન્દ્રભાઈ દલાલનો પ્રસંગ. ૧૬૮-૧૬૯
૧૧. શ્રી સી.ટી.પટેલ દ્વારા તેમના અંત અવસ્થા ભોગવતા પુત્ર સુરેશને સંદેશો મોકલ્યો. ૧૬૯

**૩. શાંતિલાલનો ત્યાગ-વૈરાગ્ય અને ગૃહત્યાગ**
૧. પૂર્વ ભૂમિકા - નિશાળે જતા પૂરી કે ઢેબરાનો ડબો આપ્યો હોય પણ ખ્યાલ ન હોય - શરીર પર શીતળાં નીકળેલા એમાંથી રસી નીકળતી પણ ઉંકારો નહીં. ૪ થી ૯
૨. શાસ્ત્રીજી મહારાજનો પત્ર લઈને ભાયલીથી આવેલા રાવજીભાઈ. ૬, ૧૦
૩. શાંતિલાલનો ગૃહત્યાગ 'મોટી ઘટનાની સાધારણ પ્રતિક્રિયા' ૧૧
૪. પ્રસન્નતાપૂર્વક મળેલી વિદાય. ૧૦-૧૧
૫. માતા દિવાળીબાના આશીર્વાદ ૧૨

**૪. મહાનુભાવો પર પડેલો સ્વામીશ્રીનો પ્રભાવ**
૧. પૂર્વભૂમિકા ૧૯૪
૨. 'તેઓ પૃથ્વીનું સત્ત્વ છે. વિશ્વમાં રહી વૈશ્વિક માનવતાને તેઓ સંવૃદ્ધ કરે છે.' 'अमानिना मानदेव' અન્ય તરફથી માનની અપેક્ષા નહિ રાખતા હોવા છતાં અન્યને માન આપવાના અત્યંત આગ્રહી. - સ્વામીશ્રી ચિદાનંદ સરસ્વતીજી. ૧૯૫

૩. ભારતને એક કરવું હોય તો તે પ્રમુખસ્વામીના નેતૃત્વ હેઠળ એક બની શકશે.- જૈનાચાર્ય શ્રી સુશીલકુમારજી ૧૯૫
૪. આવું વિકસિત વ્યક્તિત્વ જ સમાજના દરેક સ્તરના માણસોને ભાવાત્મક રીતે નજદીક લાવે છે.
- આચાર્ય શ્રી વિબુધેશતીર્થજી મહારાજ. ૧૯૬
૫. 'જ્યારે જ્યારે આવા સંતનું પ્રાગટ્ય થાય છે ત્યારે સમગ્ર માનવજાત ઉત્કર્ષને પામે છે.' 'જો પ્રભુની અત્યંત પ્રિય વ્યક્તિઓની એક યાદી તૈયાર કરવામાં આવે, તો સ્વામીજીનું નામ એ યાદીમાં ચોક્કસપણે સૌથી પહેલું હશે.'
- પૂ. વરદ યતિરાજ જીઅર સ્વામી. ૧૯૬
૬. જો સમગ્ર વિશ્વ આપનું ઉદાહરણ લે તો વિશ્વ ગુના વગરનું, યુદ્ધ વગરનું અને આત્મઘાતી વલણ વગરનું સુંદરતમ સ્થળ બની જાય. - બોબ કપ્લાન ૧૯૬-૧૯૭
૭. રાષ્ટ્રના નિર્માણમાં ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરવો એ પાયાની બાબત છે. આ કાર્ય અક્ષરપુરુષોત્તમ સંસ્થા એટલે કે પ્રમુખસ્વામીજી કરે છે. યુવાનોનું ચારિત્ર્ય ઊંચું લાવવાના પ્રયત્નને હું રાષ્ટ્રનિર્માણનું કાર્ય કહું છું.
- શ્રી નાની પાલખીવાળા ૧૯૭
૮. આ સંસ્થાનું આયોજન જોયા પછી હું ખૂબ પ્રભાવિત થયો છું. સ્વામીજીની આ સિદ્ધિ જોતાં મારી જે કંઈ સિદ્ધિઓ છે, તે મને કંઈ જણાતી નથી. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે કે આવી પવિત્રતા, શુદ્ધતા અને સમર્પણ શું કરી શકે છે ! - ડૉ. કુરિયન ૧૯૭

**(વિભાગ - ૨ : 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવનચરિત્ર નવમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ ના આધારે)**

**(ભાગ - ૧ : પા. નં. : ૧ થી ૫૫૧, પરિશિષ્ટ - ૩ પા. નં. ૫૮૩ થી ૫૯૯, ભાગ - ૨ : પા. નં. ૨૭૯ થી ૪૧૭, પરિશિષ્ટ - ૧ પા. નં. ૪૧૮ થી ૪૩૦, પરિશિષ્ટ - ૩ પા. નં. ૪૫૫ થી ૪૬૪, પરિશિષ્ટ - ૪ પા. નં. ૪૬૫ થી ૪૭૩)**

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. પેખો સંતો પાંચસો પણ ગુણાતીત તો એક**

૧. નવીદીક્ષિત સાધુની ત્યાગની છટા, કલ્યાણનો ખપ, મહારાજની આજ્ઞા પાળવાની દૃઢતા. (જમીન પર સૂઈ ગયા.) ૧/૭૬
૨. મહારાજના દર્શન કે કથાવાર્તાનો એક પણ પ્રસંગ જવા દેતા નહિ. (સ્વામીનો ઈશક) ૧/૭૭-૭૮
૩. વરસતા વરસાદમાં નેવા નીચે. ૧/૭૯
૪. એવા સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. ૧/૮૩
૫. દૃષ્ટિ તો અખંડ નિયમમાં (સુરતમાં રોજ ઝોળી માંગવાની મુક્તાનંદ સ્વામીની આજ્ઞા) ૧/૮૪
૬. સંયમ વૃત્તિવાળા તો તમે એક. (નીલ વાંદરું) ૧/૮૫
૭. તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ? (મહારાજ તો સ્વામીને નિરંતર પ્રત્યક્ષ જ છે.) ૧/૮૫
૮. આ ગુણાતીતને બાવીસ વાર મળતાં કઠણ ન પડ્યું. ૧/૮૬
૯. 'આ સાધુ તો અમારા ઘરરૂપ છે.' - વરજાંગ જાળિયામાં રત્નાબાઈને - આ તો અમારું અક્ષરધામ છે- કલ્યાણભાઈને. ૧/૯૨-૯૩
૧૦. એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો જ લે છે. ૧/૧૦૦
૧૧. 'રંગ છે સ્વામી ! તમે વચન હેઠું પડવા દીધું નહિ.' (કારિયાણીમાં માંદા સંતોની સેવામાં) ૧/૧૦૨
૧૨. ઊગા ખુમાણના દ્વેષ સામે દીકરો થાય તેવો સંકલ્પ. ૧/૧૦૬
૧૩. કૃપાનંદ સ્વામીના મંડળમાં સ્વામીશ્રીની સેવાઓ. ૧/૧૦૮
૧૪. જેવી અમારી સેવા અક્ષર કરે છે અને મહિમા સમજે છે તેવું બીજું કોઈ કરી શકતું નથી. (વરસાદમાં મહારાજ પર ધાબળો ધર્યો.) ૧/૧૧૦-૧૧૧
૧૫. ઉમરેઠમાં ઊભા ઊભા કીર્તન ભક્તિ. ૧/૧૧૬
૧૬. મહારાજની મૂર્તિના દર્શનના જ ભૂખ્યા સ્વામીશ્રીએ પોતાના ભાગનો પાકનો લાડુ બીજાને આપી જોડમાં દોડ્યા. ૧/૧૧૬-૧૧૮
૧૭. ગુણાતીતાનંદ જેવા તો એ એક જ છે – શ્રીજીમહારાજ ૧/૧૨૩
૧૮. આંતરબાહ્ય સમગ્ર ઈન્દ્રિયો મહારાજનાં સ્વરૂપમાં કેન્દ્રિત મહારાજનું બળ. (તોરાનો પ્રસંગ) ૧/૧૨૩-૧૨૪
૧૯. 'અહો ! શું કથા ! ન ભૂતો ન ભવિષ્યતિ.' મહારાજનાં દર્શન થાય એ જ મુદ્દો. ૧/૧૨૫
૨૦. વિશ્વરૂપાનંદ સ્વામી સ્વામીશ્રીના પ્રભાવથી દબાઈ ગયા. (પારેવાકા પીછ બના દિયા) ૧/૧૨૬
૨૧. 'હું જેવો કોઈ ભગવાન નથી અને આ જેવા કોઈ સાધુ નથી.' - જુઓ, અમારા તિલક. ૧/૧૨૭
૨૨. 'આ સાધુ અમારા અંતરનું જાણી ગયા.' - સ્વામીએ કીર્તન બદલ્યું. ૧/૧૨૮

२३. ‘એમનું સામર્થ્ય તો અપાર છે. તે અમે જ્યારે નહિ હોઇએ, ત્યારે તમોને જણાશે.’ ચાર પરમહંસોની વિશેષતા છતી કરી. ૧/૧૩૪
२४. મહારાજની આજ્ઞાથી બે માસ સુધી બુરાનપુરમાં સ્ત્રીઓની સભામાં અંતર્વૃત્તિ કરી વાતો કરી. ૧/૧૩૬
२५. આ સાધુ તો બહુ સમર્થ છે. કાં જે, જેમ સાણસામાં સાપ પકડે તેમ આ સાધુએ અમારી મૂર્તિ પકડી રાખી છે. ૧/૧૩૯
२६. ‘હવે તમે જો બધા બ્રહ્મ હો તો આ પ્રકાશને સમાવી દો.’ - મહેમદાવાદ. ૧/૧૫૪-૧૫૫
२७. મહારાજની મૂર્તિનાં દર્શન સિવાય બીજો સંકલ્પ ન હોવાથી મહારાજે પ્રસાદી આપી. ૧/૧૫૬
२८. સ્વામીના અમે નિરંતરના જામીન છીએ. ૧/૧૬૫
२९. જેટલો અમારે અને એમને સંબંધ છે એટલો બીજાને નથી.(નાજા જોગિયાને) - અમે આ ગુણાતીતાનંદ સ્વામી જેવા ભક્તોની માળા ફેરવીએ છીએ. (નાજા જોગિયાને) ૧/૧૬૮
૩૦. આ સાધુ જે અમારું સર્વસ્વ છે, તે તમારા સોરઠ દેશને અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ. ૧/૧૭૦
૩૧. ‘હું જેવો અનાદિ પુરુષોત્તમ છું તેવા જ આ સાધુ અમારે રહેવાના અક્ષરધામનો અવતાર છે.’ જૂનાગઢના નવાબને ૧/૧૮૨
૩૨. શિવાનંદ સ્વામીને ચરણરજ આપી પાણી પાયું. ૧/૧૮૭
૩૩. ભૂખ્યા સંતોને મહારાજના દર્શન કરાવ્યા. ૧/૧૯૦
૩૪. એમની મોટપ કાંઈ આસનથી કે મહંતાઈથી નથી. ૧/૧૯૧
૩૫. ધામ વગર એકલા ધામીની પૂજા અધૂરી ગણાય. ૧/૨૦૨
૩૬. હું તો તમારામાં અખંડ રહ્યો છું. ૧/૨૦૭
૩૭. ‘આવા ફકીર તો આખી દુનિયામાં દેખ્યા નહિ.’ - માણાવદરના નવાબ ૧/૨૨૫
૩૮. અહો ! આ તો જોગીનું કામ છે. મારું કહ્યું તો એ જ ફેરવી શકે. ૧/૨૪૩
૩૯. ‘તે તો સર્વજ્ઞ, સર્વદક્ષ અને ધન્વંતર વૈદ્ય જેવા છે.’ ગોપાળાનંદ સ્વામી ૧/૨૬૬
૪૦. તમો ખરા ચક્રવર્તી છો, અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો.- ઘનશ્યામદાસ સ્વામી ૧/૨૮૨
૪૧. ‘સાલાપોલાને તેમની વાતુંનો મરમ હાથમાં ન આવે.’ ઘનશ્યામદાસ - માધવચરણદાસને ૧/૨૮૩
૪૨. ‘મને તો સિદ્ધોના પણ સિદ્ધ મળ્યા છે.’ લોધિકાના દરબાર અભયસિંહ - દેહા ચારણને ૧/૨૮૭
૪૩. ‘અહોહો ! સ્વામી તો શ્રીજીમહારાજે જેવા કહ્યા હતા તેવા આજે જ સમજાયા.’ નિત્યાનંદ સ્વામી ૧/૨૯૫
૪૪. ગુણાતીતાનંદ સ્વામીની વાતોથી ત્યાગ - વૈરાગ્યની ખુમારી ચડે છે. - વરતાલ છાવણીમાં ભંડારી નારાયણદાસ - આચાર્ય રઘુવીરજી મહારાજને. ૧/૩૭૦
૪૫. ‘શ્રીજીમહારાજ છતાં સત્‌યુગ વર્તતો હતો એવો આજ સ્વામી પાસે વર્તે છે.’ - બાપુ રતનજી ૧/૩૯૨

**૨. ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીનો પરસ્પર સંબંધ**

૧. બંન્ને સદ્‌ગુરુઓના પરસ્પર હેતની શ્રીજીમહારાજે પૂરેલી શાખ. ૧/૧૮૪
૨. અંતિમ માંદગી વખતે મહારાજે ગોપાળાનંદ સ્વામીને ઓળખાવેલું સ્વામીશ્રીનું સ્વરૂપ. ૧/૨૦૨
૩. ‘જુઓ, આ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ અહીં પધાર્યા છે. તેમને ગ્રહણ નડતું નથી.’ વડોદરાના શોભારામ શાસ્ત્રીને ૧/૨૩૪
૪. ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધારતા મંદિરનો તમામ વહીવટ સ્વામીશ્રી તેઓને સોંપતા. ૧/૨૪૦
૫. મારું કહ્યું તો એ જ ફેરવી શકે. ૧/૨૪૩
૬. અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ. ૧/૨૪૪
૭. ગોપાળાનંદ સ્વામી ઉપર આવેલી ઉપાધિ સ્વામીશ્રીએ ટાળી. ૧/૨૫૬ થી ૨૬૧
૮. ખરો વહેવાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો. ૧/૨૬૬
૯. જૂનાગઢમાં ભાદરાના ભક્તો પાસે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહેવરાવે છે. ૧/૨૬૭ થી ૨૬૯
૧૦. કેશવજીવનદાસને સ્વામી અક્ષર છે તે સમજાવે છે. ૧/૨૭૫, ૨૭૬
૧૧. સ્વામીશ્રી ગોપાળાનંદ સ્વામીનો સિગરામ હાંકે છે. ૧/૨૭૭
૧૨. પેટ ભરીને પૂરેપૂરી વાતો તો જૂનાગઢમાં થાય છે. ગોપાળાનંદ સ્વામી. ૧/૨૭૮
૧૩. ભોયકાના માલજી સોનીને કરાવેલી અક્ષરધામની ઓળખાણ. ૧/૩૦૩-૩૦૪
૧૪. ‘સ્વામી જેવા સમર્થ કોઈ સાધુ નથી. એ તો મૂર્તિમાન અક્ષરધામ છે’. - અંતિમ મંદવાડમાં શિવલાલ શેઠને. ૧/૩૧૬
૧૫. ‘આ ટાણે તો શ્રીજીમહારાજ સામે દૃષ્ટિ જોઈએ કાં જૂનાગઢ જ્યાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી વિરાજે છે. તેમના સામું દૃષ્ટિ જોઈએ.’ અંતિમ સમયે ગોપાળનંદ સ્વામી. ૧/૩૧૭
૧૬. પ્રાગજી ! તું જૂનેગઢ જજે મેં તને જે જે કોલ આપ્યા છે તે જૂનાગઢના જોગી બધા કોલ પૂરા કરશે. ૧/૩૧૮

**૩. સ્વામીશ્રીએ કરેલ શુદ્ધ ઉપાસનાનો ઉદ્ઘોષ**

| | | |
|---|---|---|
| ૧. | પૂર્વ ભૂમિકા : 'ગુણાતીતાનંદ સ્વામી અમારી સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સારુ સદ્ગુરુરૂપે પ્રગટ થયા છે.' | ૧/૮૩ |
| ૨. | 'તમારાથીયે ઘણા મોટા આ સત્સંગમાં આવ્યા છે. મહારાજની મૂર્તિ સંભારો !' વિશ્વરૂપાનંદ સ્વામીને. | ૧/૧૨૬ |
| ૩. | 'આજે પરબ્રહ્મ પરમાત્મા સ્વામિનારાયણ પ્રગટ થયા છે.'- મહેમદાવાદના પંડિતોને | ૧/૧૫૪ |
| ૪. | 'ઘનશ્યામ કા મહિમા હમ આવા નો'તા સમજતા' - રામપ્રતાપભાઈ. | ૧/૨૩૭ |
| ૫. | અનાદિ સ્વયં પુરુષોત્તમ ભગવાન છે, તે જ ભક્તિ-ધર્મના પુત્રરૂપે પ્રગટેલા આ શ્રી સહજાનંદ સ્વામી છે. - વરતાલની સભામાં અયોધ્યાપ્રસાદજીને. | ૧/૨૬૦ |
| ૬. | ઉપાસનામાં ગુડિયું વાળવી નહિ. મહારાજનો ખીલો લાજે. | ૧/૨૬૪ |
| ૭. | બ્રહ્માનંદ સ્વામીની અંતિમ ઈચ્છા. 'શ્રીજીમહારાજનું સર્વોપરીપણું પ્રર્વતાવી આવશો.' | ૧/૨૬૫ |
| ૮. | ઘનશ્યામદાસને મહારાજના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય. | ૧/૨૮૧ |
| ૯. | પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે તેથી કોણે ય પ્રભુ થવાશે નહીં - શ્રીજીમહારાજના પૃથ્વી પર પ્રાગટ્યના છ હેતુ કહ્યા. | ૨/૨૮૪ |
| ૧૦. | માયિકભાવ ટાળી, કારણ શરીર કાપીને કલ્યાણ કર્યાં, એ જ મહારાજનું સર્વોપરીપણું- ઈશ્વર ત્રવાડીનો પ્રશ્ન. | ૧/૩૩૩ |
| ૧૧. | આચાર્યશ્રીને મેડે ગ.મ.૯ વચનામૃતનું નિરૂપણ. | ૧/૩૭૫ |
| ૧૨. | હરિલીલાકલ્પતરુ ગ્રંથની રચના- શબ્દમાત્રને ત્રીજા ફૂલ સુધી પુગાડજો. | ૧/૩૭૭ |
| ૧૩. | 'ઉપાસના વિના કોઈ વાતની સિદ્ધિ થતી નથી.' સર્વોપરી ઉપાસનાની ખુમારી. | ૧/૪૦૪ |
| ૧૪. | વિધાત્રાનંદ સ્વામી : 'આરતી પછી પ્રથમ જય કોની બોલો છો ?' | ૧/૪૯૫ |
| ૧૫. | 'આપણે વરને ઠેકાણે શ્રીજીમહારાજ છે અને બીજા અવતારો, દેવો વગેરે જાનૈયા છે.' | ૧/૪૯૬ |
| ૧૬. | નિત્યાનંદ સ્વામીની સમજણને મહારાજનું સમર્થન. | ૧/૫૨૬ |
| ૧૭. | ચુસ્ત શિવભક્ત નારણજીને સર્વોપરી શ્રી સહજાનંદ સ્વામીની ઓળખ. | ૧/૫૩૯ |

**પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ગુણાતીતાનંદ સ્વામીનું પ્રેરક બાળપણ**

| | | |
|---|---|---|
| ૧. | હું તો સાધુ થવાનો છું અને આ સુંદરજીને પણ સાધુ બનાવી દઈશ. | ૧/૨૨ |
| ૨. | વૃદ્ધપણાને વાયદે રહીએ તો જુવાનીની કમાણી પણ જાય. | ૧/૨૩ |
| ૩. | અમે લાડુ જમવા નથી આવ્યા. | ૧/૨૩ |
| ૪. | મૂળજી સાથે હેત રાખજો - રામાનંદ સ્વામી લાલજી સુથારને (મોડી રાત સુધી કથાવાર્તા) | ૧/૨૯ |
| ૫. | કાળાવડના પીતાંબર ભટ્ટ ગંભીર બાબતો માટે મૂળજી ભક્તની સલાહ લેતા. | ૧/૩૦ |
| ૬. | પાણીની ઉપરની લીલના પ્રસંગે બાળમિત્રોને ઉપદેશ. | ૧/૩૩ |
| ૭. | હેતરૂપી માયાની ગોળી - બંધૂકની ગોળીઓના પ્રસંગે બાળમિત્રોને ઉપદેશ. | ૧/૩૪ |
| ૮. | હું દેવીના દેવનો ભક્ત છું - બાવાની સિદ્ધાઈ સામે ન ઝૂક્યા. | ૧/૬૨ |

**૨. વડતાલમાં કથાવાર્તાનો અખાડો**

| | | |
|---|---|---|
| ૧. | સાડા ચાર મહિના સત્સંગિજીવનની કથા કરાવવાનો રઘુવીરજી મહારાજનો સંકલ્પ. | ૧/૩૫૯ |
| ૨. | કથાનો પ્રારંભ તથા વક્તાઓ. | ૧/૩૬૮ |
| ૩. | હજુ ગુરુ જ ક્યાં કર્યા છે ? - કેટલાક સાધુ અને હરિભક્તોનો ગોમતી કાંઠે ઠરાવ. | ૧/૩૬૯ |
| ૪. | રઘુવીરજી મહારાજને શ્રીજીમહારાજના સ્વપ્નમાં દર્શન - શુકમુનિએ માંગેલી માફી. | ૧/૩૭૦ |
| ૫. | ગ.મ. ૪૭ પ્રમાણે પંચવિષયનું ખંડન - અનંત બ્રહ્માંડના દેવતાઓ દ્વારા સ્વામીશ્રીનું પૂજન - પાળિયાદના ભાણજી પંડ્યાને દિવ્ય દર્શન - સ્વાતિ બિંદુની જેમ પ્રાગજી ભક્તે ઝીલેલી વાતો. | ૧/૩૭૦-૩૭૧ |
| ૬. | જાદવજી મિસ્ત્રીને સમાધિ. | ૧/૩૭૨થી૩૭૪ |
| ૭. | આચાર્યશ્રીને મેડે કથાવાર્તાનો રિવાજ. | ૧/૩૭૪-૩૭૫ |
| ૮. | આચાર્યશ્રીને મેડે ગ.મ.૯ નું વાચન. | ૧/૩૭૫ |
| ૯. | શુકમુનિના સમજણ પર આચાર્ય મહારાજનો માર્મિક પ્રશ્ન - ચંપાના ત્રણ ફૂલ. | ૧/૩૭૫-૩૭૬ |
| ૧૦. | હરિલીલાકલ્પતરુ ગ્રંથ રચવાની અચિંત્યાનંદ બ્રહ્મચારીને આજ્ઞા. | ૧/૩૭૭-૩૭૮ |

૧૧. જેટલા દિવસ સ્વામીશ્રી રહેશે એટલા દિવસ ઊંઘવું નથી.- રઘુવીરજી મહારાજ. ૧/૩૭૯
૧૨. ગ.પ્ર.૭૧ પ્રમાણે અક્ષરધામ તે કોને સમજવા ? - 'અક્ષર કોણ'નો ઉત્તર કરવા રઘુવીરજી મહારાજની સ્વામીશ્રીને વિનંતિ - સભામાં તો ઉત્તર જેમ થાતો હોય તેમ થાય. ૧/૩૮૧
૧૩. અક્ષરના પ્રાગટ્યની શ્રીજીમહારાજે વચનામૃતમાં કરેલી સ્પષ્ટ વાતો ગ.પ્ર.૨૧,૬૩, ૭૧, ગ.મ.૪૨, લો.૧૮ ૧/૩૮૦થી૩૮૨
૧૪. કથાવાર્તામાં મોટા મોટા સદ્‌ગુરુઓ દ્વારા સ્વામીની વાતોનું પ્રમાણ. ૧/૩૮૩

## ૩. ગુણાતીતાનંદ સ્વામીના હરિભક્તોની સ્થિતિ

૧. રાધા ભક્ત - વિશ્વાસુ, મંદિરનું મમત્ત્વ. ૧/૨૧૦-૨૧૧
૨. બેચરભાઈ જૈન- 'તમારો અપાસરો તમારી પાસે રહ્યો.' જૈન પદનો ત્યાગ.' ૧/૨૨૨
૩. ધાર્યું તો એક સ્વામિનારાયણ ભગવાનનું થાય છે, માટે અમથી બીક બતાવવાનું રહેવા દ્યો.'- ઉપલેટાના લાલાભાઈ ઈન્દ્રને. ૧/૨૭૮
૪. 'મને તો સિદ્ધોના પણ સિદ્ધ મળ્યા છે.' લોધિકાના દરબાર અભયસિંહ - દેહાચારણ. ૧/૨૮૭
૫. 'પ્રગટ પ્રભુને મેલીને હું પરોક્ષનો ઉધારો રાખતો નથી. તમારે જેમ ફાવે તેમ કરો.'- વાલેરા વરુ - જ્ઞાતિજનોને. ૧/૩૧૩
૬. 'તમે ઉડાડશો મા, ભલે ઠોલે' - રાધા ભગત - દીકરાઓને - રેંથળના ગોવિંદ ભક્તની નિરાવરણ દૃષ્ટિ. ૧/૩૮૯
૭. ચાર હરિભક્તોનાં દર્શને જવાની સ્વામીશ્રીએ કરેલી આજ્ઞા. ૧/૪૦૬
૮. 'ગુણાતીતની ઝોક જ જુદી હોય તેમ લાગે છે.' શુક સ્વામી. ૧/૪૦૮
૯. 'અમારા હૈયાની આંટીયું બધી સ્વામીએ કાઢી નાંખી છે. આ તો અમારા દેશનો પહેરવેશ છે.' નારણ ભગત - આત્માનંદ સ્વામીને ૧/૪૯૧
૧૦. 'ત્યારે તો તમે ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો ખરા' વિધાત્રાનંદ સ્વામી - ઉપલેટા ને જાળિયાના હરિભક્તોને. ૧/૪૯૬
૧૧. નાગર ભક્તનો રસાસ્વાદ નીકળી ગયો. ૧/૫૦૩
૧૨. 'આ ભગતને તો ભગવાને ઘણી વાર હાથોહાથ હાર આપ્યા છે અને માથે હાથ મૂક્યા છે.' - કાળસરીના હીરા ભગત - ગામના વાણિયાને. ૧/૫૨૮
૧૩. 'અહીં બધું છે તેની ના નથી પણ અહીં ગુણાતીત છે ?' - જગુભાઈ - ગઢડાના કોઠારીને ૧/૫૪૩
૧૪. ભાયાવદરના વસ્તાભગતને તીવ્ર વૈરાગ્ય. ૧/૫૫૮થી૫૬૦
૧૫. ગણોદના દરબાર અભયસિંહજી - નિયમ, નિશ્ચય, પક્ષનું ઉત્તમ ઉદાહરણ. ૧/૫૮૮થી૫૯૧
૧૬. 'તમે સૌ આ શું બોલો છો? સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ?' સીંજીવાડાના પ્રભુદાસ-વરતાલમાં સ્વામીશ્રીનું અપમાન સમયે નીડરતાપૂર્વ રાખેલો પક્ષ ૨/૨૮૪
૧૭. 'માતાજીએ સારી સમજણ લીધી તે ઠીક થયું, નહીં તો માતાજીને પણ ગામબહાર જાવું પડત.' - વાગુદડના દરબાર ભાણાભાઈ - 'હું ફર્યો જ નથી પણ આપણો સૂરજ ફર્યો છે.'- વાગુદડના દરબાર ભાણાભાઈ - માતાને ૨/૩૦૦

## ૪. ગુણાતીતાનંદ સ્વામીનું ઐશ્વર્ય

૧. તને એકે રાફડિયો યાદ ન આવે. ૧/૧૦૦-૧૦૧
૨. તમે તો ગુરુ કરવા જેવા છો. ૧/૧૦૭
૩. જાદવજીભાઈને ધામમાં તેડી ગયા. ૧/૧૧૩
૪. પારેવાકા પીછ બના દીયા.- વિશ્વરૂપાનંદ સ્વામીને ૧/૧૨૫-૧૨૬
૫. કૃપાનંદ સ્વામીને સમાધિમાંથી જગાડ્યા. ૧/૧૩૪
૬. લક્ષ્મણને સ્વામીમાં મહારાજ દેખાયા. ૧/૧૪૮
૭. મહેમદાવાદમાં વેદાંતીઓનો પરાજય ૧/૧૫૨
૮. રાધાભક્તને દિવ્ય દર્શન. ૧/૨૧૧
૯. હનુમાનજીએ મંદિરના શિખર ઉપરનું ઈંડું ચડાવ્યું. ૧/૨૧૧
૧૦. સ્વામીશ્રીએ ગઢડામાં અક્ષરધામ દેખાડ્યું. ૧/૨૧૫
૧૧. લોઢવામાં સ્વામીશ્રીની મૂર્તિમાં નીલકંઠવર્ણીના દર્શન. ૧/૨૧૬
૧૨. લોજમાં કાના વાળંદને સ્વામીશ્રીના ચરણમાં બ્રહ્માંડ દેખાયું. ૧/૨૧૯
૧૩. આખાના સવજી મહેતાનો મંદિરમાં ભેંસ આપવાનો સંકલ્પ. ૧/૨૩૨
૧૪. અક્ષરધામને ગ્રહણ નડશે નહિ.- વડોદરામાં શોભારામ શાસ્ત્રીને. ૧/૨૩૩-૨૩૪
૧૫. જૂનાગઢમાં રામપ્રતાપભાઈને રણછોડરાયનાં દર્શન. ૧/૨૩૬
૧૬. સિંહ સ્વામીશ્રીના દર્શને. ૧/૨૩૯

૧૭. ઠાકોરજીના ખડ માટે સ્વામીશ્રીએ વરસાદ અટકાવ્યો. ૧/૨૪૧
૧૮. કબા વાણિયાને ગોલોકમાં મોકલ્યો. ૧/૨૪૪-૨૪૫
૧૯. મીઠા ઠક્કરનો ક્ષય રોગ મટાડ્યો. ૧/૨૪૫-૨૪૬
૨૦. નથુ ભટ્ટને અક્ષરધામનાં દર્શન. ૧/૨૫૩
૨૧. નથુ ભટ્ટને સ્વામીના રૂંવાડે અસંખ્ય બ્રહ્માંડના દર્શન. ૧/૨૬૧
૨૨. ઉપલેટાને તણાતું બચાવ્યું. ૧/૨૭૮-૨૭૯
૨૩. પમા કડિયાને અક્ષરધામનું બારણું બતાવ્યું. ૧/૨૭૯-૨૮૦
૨૪. ત્રણે દેવો સ્વામીશ્રીનાં દર્શને. ૧/૨૯૮-૨૯૯
૨૫. મનની ઉપાધિ મારે ટાળવી, લે કોલ. - જાગા ભક્તને ૧/૩૨૨
૨૬. ડાંગરાના રવાજીને ધામમાં લેવા આવેલા ગોપાળાનંદ સ્વામી અને મહારાજે સ્વામીના વચને રાખ્યાં. ૧/૩૨૩-૩૨૪
૨૭. વરસાદ તો આવવાનો નથી. તેને માથે પણ નિયંતા છે ને ?(રઘુવીરજી મહારાજને આખામાં) ૧/૩૨૫
૨૮. બેચર પંડ્યાને સ્વામી ધામ બતાવે છે. (સ્વામીના સાથળમાં થયેલા ગૂમડા પર ગોપીચંદન ચોપડતા.) ૧/૩૪૧
૨૯. લાલાભાઈ ઈન્દ્રની સાથે ઐરાવત પર બેસીને ભાદર ઊતરે છે. ૧/૩૪૯
૩૦. સ્વામીશ્રી સિદ્ધિઓને ગુજરાતમાં મોકલે છે. ૧/૩૫૫
૩૧. વરતાલ છાવણી સમયે વરસાદથી ગોમતી તળાવ પાણીથી ભરાઈ ગયું. ૧/૩૬૭
૩૨. જાદવજી મિસ્ત્રીને સમાધિ. ૧૩૭૨-૩૭૩
૩૩. ગ્રંથિઓ ગાળવાનું સામર્થ્ય. (રઘુવીરજી મહારાજ) ૧/૪૦૨
૩૪. અમે અક્ષર છીએ તો તમને અક્ષરરૂપ કરીશું. ૧/૪૨૪-૪૨૫
૩૫. અક્ષરધામના મુક્તો પણ અંતરિક્ષમાં રહીને વાતો સાંભળી જાય છે. ૧/૫૦૭
૩૬. તું જમપુરીને ખોટી જાણી આજ્ઞા લોપે છે. હથેળીમાં જળનું ટીપું. ૧/૫૧૪
૩૭. પ્રભુદાસ બારોટના દીકરાને જીવતો કર્યો. ૧/૫૨૯-૫૩૦
૩૮. રામચંદ્ર આદિ અવતારોની વિનંતી. ૧/૫૪૧
૩૯. સ્વામી! આ ફેરે બહુ ઐશ્ચર્ય વાપયુ! પવિત્રાનંદ સ્વામીની ના છતાં સભામાંથી બધા ગયા. ૨/૩૩૫
૪૦. જુદા જુદા ધામોના મુક્તો સ્વામીશ્રીના દર્શને. ૨/૨૮૩

**(વિભાગ - ૩ : નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **ઝોળી પર મુસ્તાક રહીને મંદિરો કરું છું. : શાસ્ત્રીજી મહારાજ :** (૧) શાસ્ત્રીજી મહારાજે વરતાલ છોડ્યું - અપમાનજનક પરિસ્થિતિ હતી છતાં શાસ્ત્રીજી મહારાજ કહે અપમાન સહન કરવું એ સાધુનો માર્ગ - એ અમારો ધર્મ - ગામડે ગામડે ફરી ઝોળી માંગી સત્સંગ કરાવવાની શાસ્ત્રીજી મહારાજની ધગશ - આ જ જાણે કે તેમનો સિદ્ધાંત. (૨) વરતાલ છોડ્યાના પ્રથમ દિવસથી જ ઝોળી માંગવાની શરૂઆત - સિદ્ધાંત ખાતર ભિક્ષા - તેથી જ જાણે કે પોતાની ઝોળીમાં આપત્તિઓ અને તિરસ્કારોને અગાઉથી જ સ્વીકારી લીધાં ન હોય. (પ્રસંગો) (૩) અક્ષરપુરુષોત્તમને માટે શ્વપચને ઘેર વેચાવાની તૈયારી - આવા મહાન આશય સાથે ઝોળીમાં આવેલ દાન પર બોચાસણના મંદિર નિર્માણનો પ્રારંભ - અને આ તેમની ધગશનો માત્ર દોઢ વર્ષના ગાળામાં પ્રતિભાવ - ઝોળી માગીને બોચાસણના મહાલય સમા મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા - મંદિર અધુરૂં હતું, નિભાવ ખર્ચની વ્યવસ્થા કરવાની હતી - આ કપરા કાર્યનો ઈલાજ પણ માત્ર ઝોળી. (૪) સ્વામીશ્રી સાથે બોચાસણની આજુબાજુના ગામમાં તેમના સહયોગી સંતો ઝોળી માગવા જતા. વિષમ દેશકાળમાં પણ મંદિરના કોઠારમાં દાણા ભરતા - પોતે ચરોતરના સુખી પાટીદાર પરિવારના પુત્ર વિજ્ઞાનાનંદ સ્વામીના શિષ્ય છતાં સિધ્ધાંત ખાતર ભિક્ષાવૃત્તિને માનવ કલ્યાણની કેડી બનાવી. તેમાં કોઈ નાનમ કે નાનપ સ્પર્શતી ન હતી. (૫) ભાવનગરના પ્રતિષ્ઠિત કુબેરભાઈને સ્વામીશ્રીનો ઝોળી માગવા જવાનો પ્રસ્તાવ - કુબેરભાઈનો ઈન્કાર - સ્વામીશ્રી કહે 'શ્રીજીમહારાજ જાતે ઝોળી માગતા - પરમહંસો પણ ઝોળી માગતા - તેનું કારણ અનેક મુમુક્ષુનું કલ્યાણ - આવા સંતનાં દર્શન તથા જેનું અન્ન ઝોળીમાં પડે તેનું કલ્યાણ - આમ કુબેરભાઈનું પણ સ્વામીશ્રી સાથે ઝોળી માગવાના કાર્યમાં જોડાણ. (૬) સ્વામીશ્રીએ પોતાની આ ભિક્ષાની ઝોળીને લંબાવીને સારંગપુર મંદિર શરૂ કર્યું - સ્વામીશ્રી સાથે યોગીજી મહારાજ તથા અન્ય સંતો ભિક્ષા માટે જોડાયા. ભિક્ષા માંગવામાં અનેક તિરસ્કાર, મુશ્કેલીઓ, અપમાન છતાં સૌની હસતે મુખે સેવા - પ્રસંગો (૭) મંદિરોમાં નિર્માણ સાથે ઉત્સવ - સમૈયા

ઊજવાય તે પણ ઝોળી માગીને જ - ઘણી વખત સમૈયામાં લોટ, દાળ, ચોખા ભિક્ષામાં આવે તો જ સમૈયા ઊજવાય તેવી પરિસ્થિતિ. (૮) મંદિરોની ધર્મશાળાઓ બનાવવાની, પારાયણનું કામ, તેમાં પણ સ્વામીશ્રી યોગીજી મહારાજ તેમજ બીજા સંતોને ઝોળી માગવાનું, ભિક્ષા માગવાનું કરીને જરૂરી સામગ્રી મંગાવતા. (૯) ભિક્ષા માગીને ખાવાની પરિસ્થિતિ માનવી માત્રને મૂંઝવે - તેના બદલે સ્વામીશ્રી ગૌરવથી અક્ષરપુરુષોત્તમની અસ્મિતા રાખીને વિશ્વકલ્યાણ માટેની સંસ્થા કેવી કેફથી સ્થાપી રહ્યા હતા. (પ્રસંગો) અપમાન તિરસ્કાર સહન કરીને પણ ઝોળી (ભિક્ષા) માટે સહેજ પણ વિરામ ન લીધો. (પ્રસંગો) (૧૦) સ્વામીશ્રીની આ ભિક્ષા માગવાની ઝોળી માગવાની અલમસ્તાઈ - સિદ્ધાંત ખાતર વેચાવાની તૈયારી - ભવ્ય સમૈયા ઉત્સવ - મહાલય જેવાં મંદિરો ખડાં કરવાં તે માટે 'ઝોળી પર મુસ્તાક રહીને' શબ્દો કેટલા કેફ ભર્યા, બળભર્યા છે. આ માટે ફક્ત 'મુસ્તાક' શબ્દ જ એકદમ યોગ્ય અને કેસરી સિંહના નાદ સમો જણાય છે. - ઉપસંહાર.

૨. **સાંપ્રદાયિક અસ્મિતા : (૧) અસ્મિતાનો અર્થ : ૧.** અસ્મિતા એટલે ગૌરવ - ગરિમા. કોઈને માતૃભૂમિની અસ્મિતા - કોઈને કુટુંબની અસ્મિતા - તો કોઈને સંપ્રદાયની કે ઈષ્ટદેવની અસ્મિતા. **૨.** આપણે અહીં સાંપ્રદાયિક અસ્મિતાની વાત - આપણો સંપ્રદાય 'સ્વામિનારાયણ સંપ્રદાય' તેની અસ્મિતા જાળવવાની આપણી ફરજ - આપણા ઈષ્ટદેવ શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમનારાયણ સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વકર્તા, સર્વ કલાના, સંગીતના પોષક, શુદ્ધ એકાંતિક ધર્મના પ્રવર્તક, મહારાજનું જીવન અને કાર્ય જ એવું કે અસ્મિતા આપોઆપ જાગે - અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ આપણા ઈષ્ટદેવ જે આપણને મળ્યા તેની અસ્મિતા - પ્રસંગો - મહારાજનાં કાર્યો લખી શકાય. **(૨) શ્રીજીમહારાજના પરમહંસો :** અજોડ પરમહંસો - પરધર્મીઓને પણ તેમનાં શુદ્ધ નિષ્કલંક ચારિત્ર્ય મનમાં વસી જાય - એક એકથી અધિક સામર્થીવાળા સંતો - સાહિત્ય, સંગીત, કલાના નિષ્ણાત છતાં શ્રીજીમહારાજના દાસ - એક એક બ્રહ્માંડને લઈને ઊડી જાય તેવી સામર્થીવાળા છતાં નિર્માની (સંતોના સામર્થીના તેમના સંતોના ગુણોના પ્રસંગો લખી શકાય) **(૩) શ્રીજીમહારાજના (બાઈ-ભાઈ) હરિભક્તો :** શ્રીજીમહારાજના એક વચને સંસારનો ક્ષણમાં ત્યાગ કરીને નીકળનારા - ઉચ્ચ કક્ષાના ચારિત્ર્યવાન બાઈ-ભાઈ હરિભક્તો - નિર્લોભી - ગરીબ પરિસ્થિતિમાં પણ નિયમ-ધર્મમાંથી લેશ પણ ચલાયમાન ન થનાર (પ્રસંગો) - આવા હરિભક્તોના વર્તનથી આપણી અસ્મિતા જાગે. **(૪) આપણા મંદિરો :** સેવા, સમર્પણ અને સંસ્કારની ભાવના જગાડે તેવા આપણાં મંદિરો - કપરી નાણાભીડમાં પણ મહાલય જેવાં મંદિરોની રચના અસ્મિતા જગાડે - મંદિરોમાં શાંતિ મળે - પવિત્રતાનો અનુભવ થાય - (પ્રસંગો) **(૫) આપણાં શાસ્ત્રો :** પૂર્ણ પુરુષોત્તમનારાયણની પરાવાણી એટલે વચનામૃત, અક્ષરબ્રહ્મની પરાવાણી, સ્વામીની વાતો, સર્વજીવહિતાવહ શિક્ષાપત્રી, જેના પાલનથી સમાજમાં, વ્યવહારમાં બધે શાંતિ મળે - શ્રીજીમહારાજથી લઈને ગુરુપરંપરાના જીવનચરિત્રો - આવા અજોડ શાસ્ત્રો. **(૬) અસ્મિતા હોય તો કેટલા લાભ થાય ?** જીવન પરિવર્તન થઈ જાય - પ્રાપ્તિનો કેફ રહે - સમર્પણ-સેવાની ભાવના જાગે, ભીડો વેઠાય, ભક્તિ કરવાનું બળ મળે (પ્રસંગો) (૭) સૌથી વિશેષ અસ્મિતા ગુરુ પરંપરાના શુદ્ધ વર્તન, સાધુતા, નિષ્કલંક જીવનથી જાગે (પ્રસંગો) ગુરુહરિના જીવનમાંથી પ્રેરણા મળે (પ્રસંગો) - ઉપસંહાર.

૩. **શાશ્વત શાંતિનો રાજમાર્ગ - રાજીપાનો વિચાર : (૧)** દરેક મુમુક્ષુ, દરેક સાધક ભગવાનને પામવા માટે સાધના કરે છે - આ સાધનામાં વિક્ષેપજનક કોઈ બાબત હોય તો તે છે અશાંતિ. (૨) શાશ્વત સુખ અને શાંતિ હોય તો જ સાધકને સાધના માર્ગે આગળ વધવામાં સુગમ - સરળતા રહે - આ માટેનો રાજમાર્ગ એટલે ભગવાન અને સંતનો રાજીપો. (૩) આપણે આપણા ઈષ્ટદેવને, ગુરુને કોઈપણ ભોગે કોઈપણ સંજોગોમાં રાજી કરવા છે, એવો જે વિચાર એટલે રાજીપાનો વિચાર - આ વિચારને પામ્યા હોઈએ તો તેના માટે પ્રયત્ન થાય અને આગળ વધાય. (પ્રસંગો) (૪) રાજીપો પ્રાપ્ત થાય તો નિયમ-ધર્મ દૃઢતાથી પળાય અને નિયમ-ધર્મ દૃઢતાથી પળાય તો શાંતિ થાય - મનમાં ઉદ્વેગ ન રહે (પ્રસંગો) ભગવાનના રાજીપો પ્રાપ્ત કરવાનો વિચાર હોય તો સ્વભાવ પર નિયંત્રણ મેળવવાનો પ્રયત્ન થાય - તેથી સ્વભાવ દોષો નિર્મૂળ થવાથી બ્રહ્મરૂપ થવાના માર્ગે આગળ વધાય. (પ્રસંગો) ભગવાનને રાજી કરવા માટે નિર્માનીપણું આવે દાસત્ત્વભાવ આવે - ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન આવે, આજ્ઞા પાળવામાં સંશય ન થાય, નિર્દોષબુદ્ધિ રહે - (પ્રસંગો) એટલે કે તનાવમુક્ત રહેવાય. ભગવાન અને સંત રાજી તો બધા રાજી (હાથીના પગલામાં સર્વના પગલાં) (૫) રાજીપાનો વિચાર ન હોય તો મનધાર્યું થઈ જાય. બુદ્ધિમાં મૂઢપણું આવી જાય (રૂપરામ ઠાકર) સામે પક્ષે રાજી કરવાનો વિચાર હોય તો સામાજિક રીતરિવાજ નડે નહિ (ડડુસરના ગલુજી) (પ્રસંગો) શ્લોક, સાખી, કીર્તનો. (૬) કોઈપણ ક્રિયા પૂર્વે, ક્રિયા દરમ્યાન કે ક્રિયા બાદ વિચાર કરીએ કે મારા આ વર્તનથી મારા આ કાર્યથી, મારી આ ક્રિયાથી ભગવાન રાજી થયા, રાજી થાય છે કે રાજી થશે ? આવો વિચાર કરતા રહીએ તો ભગવાન સંત રાજી થવાથી શાશ્વત શાંતિ મળે - છતી દેહે પરમપદ પામ્યાની અનુભૂતિ થાય (પ્રસંગો) - તેથી જ શાશ્વત શાંતિનો માર્ગ એટલે રાજીપાનો વિચાર - ઉપસંહાર.

❑ ❑ ❑